જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૮/૨૦૧૫ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૭૩૭/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૧ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી, ૨૪૩ લીટર દેશી દારૂ અને ૧૦ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૨ વ્યક્તિઓ ઝડપી રૂપિયા ૪૯,૯૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૩૮/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ગેરકાયદેસર મંડળી બની ખુનની કોશીષની ફરીયાદ : સમાચાર યાદી નં.૧૭૩૯/૧૫

**રામોલ :** તા.૨૫/૮/૧૫ રાતનાં ૮/૪૫ વાગ્યા થી ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાલ નિરાંત ચાર રસ્તા, ગોપી ડેરી મહાદેવનગર ટેકરા, ૮૦ ફુટ રોડ ઉપર આશરે આઠથી દશ હજાર જેટલા માણસો ગેરકાયદેસર મંડળી રચી, પોલીસ કર્મચારીઓ ઉપર પથ્થરમારો કરી, કર્મચારીઓનાં મોટર સાયકલો તથા ખાનગી મિલ્કતોની તોડફોડ કરી, આગ લગાડી તેમજ ચાર પોલીસ કર્મચારીઓને ખેંચી જઇ, સળગતી આગમાં ફેંકવાની અને જાનથી મારી નાંખવાની કોશીષ કરી હતી. તેમજ ટોળાએ પો.સ.ઇ.શ્રી એફ.એ.પારગી નાઓ પાસેની એ.કે.૪૭ રાઇફલ ઝુંટવી લઇ, પો.સ.ઇ.શ્રી એફ.એ.પારગી નાઓ ઉપર બે રાઉન્ડ ફાયર કરતાં, તેઓ ખસી ગયા હતા. આ ગુનાની ફરીયાદ શ્રી એફ.એ.પારગી નાઓએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.આઇ.સોલંકી ચલાવે છે.

## અપહરણઃ સમાચાર યાદી નં.૧૭૪૦/૧૫

**રામોલ :** ગણપતભાઇ આખાભાઇ પરમાર (ઉ.વ.૪૫)(રહે.હેમા બીજલની ચાલી, ભવાનીનગરનો ટેકરો, સી.એમ.સી.સામે) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૮/૧૫ નાં કલાક ૯/૦૦ વાગ્યા પછી કોઇપણ સમયે વસ્ત્રાલ આર.ટી.ઓ. ખાતેથી પોતાના પુત્ર (ઉ.વ.૧૭) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.પી.વસુનીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>નદિમાં ડુબી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૪૧/૧૫</u>**

**રિવરફ્રન્ટ (ઇસ્ટ) :** તા.૨૫/૮/૧૫ ના કલાક ૧૨/૧૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સુભાષબ્રીજ નીચે સાબરમતી નદીમાંથી (૧) વાસુભાઈ ગોપાલભાઈ સોલંકી (ઉ.વ.૯) અને (૨) યોગેશ પ્રકાશભાઈ ભીલ (ઉ.વ.૯)(બંને રહે. અંબિકા નગર, જુના વાડજ (AM.T.S) બસ સ્ટેન્ડ પાછળ) ડુબી જઇ મરણ ગયેલ, બંનેની લાશ રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસને મળી આવતાં, આ અંગે રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અજીતસિંહ જવાનસિંહ ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૪૨/૧૫</u>**

**રિવરફ્રન્ટ (વેસ્ટ) :** તા.૨૫/૮/૧૫ સવારના ૯/30 વાગ્યા પહેલાં કોઇપણ સમયે સરદારબ્રીજ નીચે સાબરમતી નદીમાં એક અજાણ્યો પુરૂષ (૪૦ થી ૪૫ વર્ષના આશરાનો) કોઇ અગમ્ય કારણોસર સાબરમતી નદીમાં ડુબી જઇ, આત્મહત્યા કરી લીધી છે. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આલાભાઇ વજસીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)